JAIN JAGRUTI CENTRE
CENTRAL BOARD CHARITABLE TRUST

# JAIN JAGRUTI CONNECT

ISSUE 6 December 2024

લોકોને જોડવાનો
એક પ્રયાસ...



રત્ન કણિકા

આપણા સમાજમાં ઘણા લોકો એવા છે જે મૃત્યુ પામી ચૂકયા છે પણ તેમના સદ્‌ગુણો થકી આપણી વચ્ચે જીવંત છે. જયારે ઘણા લોકો એવા પણ છે કે જેઓ જીવતા છે છતાં તેમના અવગુણોથી લોકોની નજરમાંથી ઉતરી ગયા હોય તેથી તેઓ મૃત થઇ ગયા બરાબર જ ગણાય છે.

–શાસ્ત્રવાણી

જૈન જાગૃતિ સેન્ટર
સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ
૨૦૨૪-૨૦૨૬

સંજય બી. શાહ
ચેરમેન-કાયમી ટ્રસ્ટી

જીતેન્દ્ર એસ. કોઠારી
તા.ભૂ.પૂ. ચેરમેન -કાયમી ટ્રસ્ટી

પ્રફુલ વી. કામદાર
વાઈસ ચેરમેન-કાયમી ટ્રસ્ટી

રાજેશ સી. ગાંધી
વાઈસ ચેરમેન-કાયમી ટ્રસ્ટી

અમિત ડી. કોઠારી
સેક્રેટરી-હોલ્ડીંગ ટ્રસ્ટી

અનિલ જી. દોશી
સેક્રેટરી-કાયમી ટ્રસ્ટી

રાજેશ આર. ભણશાલી
ખજાનચી-કાયમી ટ્રસ્ટી

હર્ષદ જે. ગાંધી
કાયમી ટ્રસ્ટી

પ્રવિણ જી. શાહ
દાતા ટ્રસ્ટી

નિલેશ કે. શાહ
દાતા ટ્રસ્ટી

કમલેશ સી. શાહ
દાતા ટ્રસ્ટી

કીર્તિ કે. શાહ
હોલ્ડીંગ ટ્રસ્ટી

રશ્મિકાંત જે. શાહ
હોલ્ડીંગ ટ્રસ્ટી

મિનેશ ડી. શાહ
એક્ઝિક્યુટીવ ટ્રસ્ટી

મુકેશ સી. શાહ
એક્ઝિક્યુટીવ ટ્રસ્ટી

નિતીન આર. પારેખ
એક્ઝિક્યુટીવ ટ્રસ્ટી



## ચેરમેનશ્રીની કલમે...

સ્નેહી સ્વજન,

સાદ્દર જયજિનેન્દ્ર

જેજેસીના પ્રથમ સેન્ટરની સ્થાપના વિલે પારલા ખાતે ૧૯૭૫માં થઇ જેને ૫૦ વર્ષ થયા. ત્યારબાદ જેજેસીની ટેગલાઇન ખરેખર સાર્થક થતી હોય તેમ "પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર" પ્રમાણે અન્ય જેજેસીના અનેક સેન્ટરો ખૂલવા લાગ્યા, આમ તેનો વિસ્તાર વધતો જ ચાલ્યો... નવા સેન્ટરો તથા સભ્યોની સંખ્યાં સતત વધારો થઇ રહ્યો હોવાથી ૧૯૮૧માં જેજેસી સેન્ટ્રલ બોર્ડની સ્થાપના કરવામાં આવી. જેની સ્થાપનાને ૪૪ વર્ષ થયા.

દરેક સેન્ટરોના સભ્યોની બહોળી સંખ્યા દ્વારા સમાજ સેવાના ઉમદા હેતુ સાથે ૧૯૯૪માં જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી તેને ૩૦ વર્ષ થયા.

માતૃસંસ્થા જેજેસી વિલેપારલાએ આ વર્ષે ૫૦ વર્ષ પૂર્ણ કર્યા તે સંદર્ભમાં એક ખૂબજ શાનદાર કાર્યક્રમ તા. ૧૬.૧૧.૨૦૨૪ ના રોજ આયોજન કરવામાં આવેલ. તે કાર્યક્રમમાં સેન્ટરના સભ્યો સાથે અનેક મહાનુભાવોએ હાજર રહી તે અદ્‌ભૂત પળો ને તાળીઓના ગડગડાટથી વધાવીને યાદગાર બનાવી દીધી હતી. જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ વતી જેજેસી વિલે પારલા સેન્ટરને ખૂબ ખૂબ અભિનંદન.... કોઈપણ સંસ્થા શરૂ કરવી બહુજ સહેલી છે, પરંતુ તેનું ૫૦ વર્ષ સુધી જતન કરીને સમાજમાં તેનું એક આગવું સ્થાન મેળવવું તે ઘણું જ અઘરું છે. પાંચ-પાંચ દાયકાઓ સુધી આ સેન્ટરની પ્રગતિ માટે જે મોભીઓએ તન-મન-ધનથી જે કાર્ય કર્યુ છે તેઓ દરેકને અમારા વંદન આગળ આ સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિ કરતી રહે અને જેજેસી સેન્ટરનું નામ અવ્વલ સ્થાને પહોંચાડે તેવી અમારા સૌ તરફથી શુભેચ્છા...

આપણા જેજેસી નોર્થવેસ્ટના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી પરાગભાઇ શાહ મહારાષ્ટ્ર વિધાન સભાની ચુંટણીમાં ફરી વખત ભારે બહુમતથી ચૂંટાયા તે માટે તેઓને ખૂબ ખૂબ અભિનંદન. સમાજસેવાના અનેક કાર્યો તેઓ અવિરતપણે કરી રહ્યા છે. તે માટે સમગ્ર જેજેસી પરિવાર તરફથી તેમના આ સેવાકાર્યોને આપણે સૌ બિરદાવીએ છીએ.

શનિવાર તા. ૨૬.૧૦.૨૦૨૪ના દિવસે જુહૂ ક્લબમાં દિવાળી ગેટ-ટુ-ગેધરનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં મુંબઇના સેન્ટરો તથા મુંબઇ બહારના અનેક સેન્ટરોના પ્રતિનિધિઓએ હાજરી આપી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તા. ૭.૧૨.૨૦૨૪ના રોજ કાંદીવલી વૃંદાવન ગાર્ડન ખાતે ૨૮ માં સમૂહલગ્નનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૬ નવયુવા દંપતિઓ લગ્ન ગ્રંથિથી જોડાયા હતા. આ સમૂહ લગ્નના પ્રેરક દાતા, કરિયાવરના દાતા, જમણવારના દાતા તેમજ ડેકોરેશનના દાતા તથા અતિથી વિશેષો જેજેસી બોરીવલી તથા લેડીઝ વિંગ બોરીવલી દ્વારા પુરસ્કૃત હતા. તેમજ એક અતિથિ વિશેષ જેજેસી સાયન-માટુંગા દ્વારા પણ પુરસ્કૃત હતા.

જેજેસી બોરીવલી તથા જેજેસી લેડીઝવિંગ બોરીવલી સેન્ટરને આ આયોજનમાં ઉત્સાહથી સહભાગી થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન સહ આભાર...

આ ઉપરાંત મુંબઇ તથા બહારગામના સેન્ટરોએ પણ પોતાના અનુદાન દ્વારા સાથ સહકાર આપેલ તે દરેકનો પણ ખૂબ ખૂબ આભાર....

આગામી ૨૯ મા સમૂહ લગ્નના આયોજન માટે જેજેસી કાંદીવલીના સેન્ટરે પોતાની ઈચ્છા દર્શાવી છે.

**સંજય બી. શાહ –ચેરમેન**
**જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ**

# વર્ષ ૨૦૨૪નું બહારગામના વિદ્યાર્થીઓને હાયર એજ્યુકેશન લોન પ્રદાન કરતું ગેટ-ટુ-ગેધર

જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે વર્ષ ૨૦૨૪ ના અંતિમ તબક્કામાં હાયર એજ્યુકેશન લોન ઉત્સુક વિદ્યાર્થીઓ માટે એક ગેટ-ટુ-ગેધર અને લોનના ચેક પ્રદાન કરવા માટે ગેટ-ટુ-ગેધરનું આયોજન તા. ૧૩.૧૦.૨૦૨૪ના રોજ જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટની ઓફિસની બાજુમાં સ્થિત વૈષ્ણવી બેન્ક્વેટ હોલ, ગોકુળ આર્કેડ, સુભાષ રોડ, ખાતે યોજવામાં આવેલ તેની તસ્વીરી ઝલક...



જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટના હોદ્દેદારો તથા ટ્રસ્ટીગણ



ચેક અર્પણ કરતા જીતુભાઇ કોઠારી - આઇ.પી. ચેરમેન - કાયમી ટ્રસ્ટી



ચેક અર્પણ કરતા પ્રફુલભાઇ કામદાર - વાઇસ ચેરમેન - કાયમી ટ્રસ્ટી



ચેક અર્પણ કરતા રાજેશભાઇ ગાંધી - વાઇસ ચેરમેન - કાયમી ટ્રસ્ટી



ચેક અર્પણ કરતા અમિતભાઇ કોઠારી - સેક્રેટરી - હોલ્ડીગ ટ્રસ્ટી



ચેક અર્પણ કરતા અનિલભાઇ દોશી - સેક્રેટરી - હોલ્ડીગ ટ્રસ્ટી



ચેક અર્પણ કરતા રાજેશભાઇ ભણશાલી - ખજાનચી - હોલ્ડીગ ટ્રસ્ટી



ચેક અર્પણ કરતા કિર્તીભાઇ શાહ - હોલ્ડીગ ટ્રસ્ટી



ચેક અર્પણ કરતા નિતીનભાઇ પારેખ - એક્ઝીક્યુટીવ ટ્રસ્ટી

# જેજેસી વિલેપારલા સુવર્ણ જયંતિ વર્ષ સેલિબ્રેશન

કોઈપણ સંસ્થા કે સેન્ટરની સ્થાપના એક ચોક્કસ સૂત્ર દ્વારા તેના ધ્યેય અને લક્ષ્યની પરિપૂર્તિ માટે થતી હોય છે. જેજેસીના પ્રથમ સેન્ટરની સ્થાપના વિલે પારલા ખાતે ૧૯૭૫માં શ્રી ચિમનભાઈ ગોસલીયા, શ્રી જયંતિભાઈ શાહ અને શ્રી માણેકભાઈ શાહ ની રાહબરી હેઠળ શરૂ થયેલ. આ જેજેસી સંસ્થાનું સૂત્ર "પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર" રાખવામાં આવેલ. આ સેન્ટરની શરૂઆત થયા પછી તેમાં જૈન સામજના દરેક ફીરકાઓને જોડીને અનેક જૈન પરિવારો એક છત્ર નીચે હળતા મળતા થયા. જેજેસી દ્વારા અપાતા ગુણવત્તાસભર કાર્યક્રમોને લીધે તેની લોકપ્રિયતા વધતી ચાલી અને સંસ્થાના સૂત્ર "પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર" પ્રમાણે અન્ય પરાઓમાં પણ જેજેસીના અનેક સેન્ટરો ખૂલવા લાગ્યા, આમ તેનો વિસ્તાર વધતો જ ચાલ્યો...

માતૃસંસ્થા જેજેસી વિલેપારલાએ આ વર્ષે ૫૦ વર્ષ પૂર્ણ કર્યા તે સંદર્ભમાં એક ખૂબજ શાનદાર કાર્યક્રમ તા. ૧૬.૧૧.૨૦૨૪ ના રોજ આયોજન કરવામાં આવેલ. તે કાર્યક્રમમાં સેન્ટરના સભ્યો સાથે અનેક મહાનુભાવોએ હાજર રહી તે અદ્‌ભૂત પળો ને તાળીઓના ગડગડાટથી વધાવીને યાદગાર બનાવી દીધી હતી. જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ વતી જેજેસી વિલે પારલા સેન્ટરને ખૂબ ખૂબ અભિનંદન.... કોઈપણ સંસ્થા શરૂ કરવી બહુજ સહેલી છે, પરંતુ તેનું ૫૦ વર્ષ સુધી જતન કરીને સમાજમાં તેનું એક આગવું સ્થાન મેળવવું તે ઘણું જ અઘરું છે. પાંચ-પાંચ દાયકાઓ સુધી આ સેન્ટરની પ્રગતિ માટે જે મોભીઓએ તન-મન-ધનથી જે કાર્ય કર્યુ છે તેઓ દરેકને અમારા વંદન સહ અભિનંદન, આગળ પણ આ સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિ કરતી રહે અને જેજેસી સેન્ટરનું નામ હંમેશા અગ્રક્રમે રહે તેવી અમારા સૌ તરફથી શુભેચ્છા..



## Jain Jagruti Centre Central Board Charitable Trust

OUR OTHER ACTIVITIES

HIGHER EDUCATION LOAN

- Samuh Lagna
- Girls Hostel
- JJC Business World
- Sadharmik Sahay
- Business Financial Assistance
- Yuvak Yuvati Parichay
- Jivdaya Gaushala Sahay
- Dikra nu Ghar – Home for Single Aged Parents

Our On Going International Projects

Association with JAINA & Student's Associations

# ભારતીયો કેટલા દેશોમાં વિઝા ફ્રી એન્ટ્રી મેળવી શકે છે?

**ગ્લોબલ પાસપોર્ટ ઇન્ડેક્ષમાં ઇન્ડીયાનો ક્રમ ૮૨ માં ક્રમે છે. પહેલા કરતાં ભારતનો પાસપોર્ટ વધુ સ્ટ્રોન્ગ થઇ રહ્યો છે.**




ભારતીયો હવે ૫૮ દેશોમાં વીઝા ફ્રી એન્ટ્રી મેળવી શકે છે. ગ્લોબલ પાસપોર્ટ ઇન્ડેક્ષમાં ઇન્ડીયાનો ક્રમ ૮૨ માં ક્રમે છે. પહેલા કરતાં ભારતનો પાસપોર્ટ વધુ સ્ટ્રોન્ગ થઇ રહ્યો છે. યુનાઇટેડ કિંગડમની કંપની હેનલે પાસપોર્ટ ઇન્ડેક્સ દ્વારા એક રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે, જેમાં ભારતનો ક્રમ ૮૨ મો છે. ઇન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ અસોસિએશનના ડેટા દ્વારા આ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. દુનિયાનો સૌથી પાવરફુલ પાસપોર્ટ સિંગાપોરનો છે. સિંગાપોરનો પાસપોર્ટ જેની પાસે હોય એ દુનિયાના ૨૨૭ દેશોમાંથી ૧૯૫ દેશોમાં વીઝા-ફ્રી જઇ શકે છે. ફ્રાન્સ, જર્મની, ઇટલી, જાપાન અને સ્પેન બીજા ક્રમે છે અને આ દેશના લોકો ૧૯૨ દેશમાં વીઝા-ફ્રી જઇ શકે છે. ઓસ્ટ્રિયા, ફિનલેન્ડ, આયરલેન્ડ, લક્ઝમબર્ગ, નેધરલેન્ડ્સ, સાઉથ કોરિયા અને સ્વીડન ત્રીજા ક્રમે છે અને આ દેશના લોકો ૧૯૧ દેશમાં વીઝા-ફ્રી જઇ શકે છે. યુનાઇટેડ કિંગડમ, બેલ્જિયમ, ડેન્માર્ક, ન્યુઝિલેન્ડ, નોર્વે અને સ્વિટ્ઝરલેન્ડ ચોથા ક્રમે છે આ દેશના લોકો ૧૯૦ દેશમાં વીઝા ફ્રી જઇ શકે છે. આ રિપોર્ટના ટોપ ટેન લિસ્ટમાં પહેલી વાર યુનાઇટેડ અરબ અમિરેટ્સની એન્ટ્રી થઇ છે. અને તે દસમા ક્રમે છે. આ દેશના લોકો ૧૮૫ દેશોમાં વીઝા ફ્રી જઇ શકે છે.

## જૈન જાગૃતિ સેન્ટર ઉપલેટા

જૈન જાગૃતિ સેન્ટર ઉપલેટા દ્વારા આયોજિત ત્રયોદશા તેજસ્વી તારલા સન્માન સમારોહ ૨૦૨૪માં બંને સંઘના બાળકોને ટ્રોફી... પ્રમાણપત્ર આપી તેમનું સન્માન કરવામાં આવેલ. બંને સંઘના બાળકો, વડીલો, ભાઇઓ તથા બહેનોની ઉત્સાહભરી હાજરીથી કાર્યક્રમની રોનક અનેકગણી વધી ગઇ હતી. આ કાર્યક્રમમાં બંને સંઘમાંથી અંદાજે ૨૫૦ ભાગ્યશાળીઓએ લાભ લીધેલ... સાંજે ચૌવિહારના સમયાનુસાર ડીનર લઇને કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરેલ હતી.



## લગ્નોત્સુક યુવક-યુવતી યુવામેળો



જેજેસી કાંદીવલી પુરસ્કૃત જૈન સગપણ માહિતી કેન્દ્ર-કાંદિવલી તથા જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલના સહયોગથી **તા. ૬ એપ્રિલ ૨૦૨૫** ના રોજ **યુવામેળા**નું આયોજન કરવામાં આવેલ છે. આ યુવામેળામાં વર્ષ ૨૧ થી ૩૫ વર્ષ સુધીના મિનીમમ ગ્રેજ્યુએટ સુધી ભણેલા હોય એવા અપરિણિત યુવક-યુવતીઓનો સમાવેશ કરવામાં આવશે.

હંસાબેન - ૯૮૬૯૭૮૭૪૩૯ * નવિનભાઇ - ૯૮૨૦૬૨૫૮૮૦
રમેશભાઇ - ૯૩૨૦૦૮૫૦૮૪

વધુ વિગતો માટે કાંદિવલી સેન્ટરના બાજુમાં જણાવેલ સભ્યોનો **તા. ૧૬.૦૧.૨૦૨૫ પછી સંપર્ક કરવો.**

# જેજેસી ભુજ




જેજેસી ભુજ દ્વારા આ વખતે રક્ષાબંધન પર્વને ખરા અર્થમાં સાર્થક કરે તેવું અત્યંત અનુકરણીય પગલું ભરવામાં આવ્યું...

જેજેસી ભુજની બહેનોએ સરહદ સલામતી દળ હરીપર બટાલિયન - ૧૮ ના બીએસએફના ૫૦ જેટલા જવાનોને કાંડે રાખડી બાંધી મિઠાઇ ખવડાવી મીઠું મોઢું કરાવી આ જવાનોની તથા દેશની સલામતીની કામનાઓ સાથે આશીર્વાદ આપીને અનોખી રીતે રક્ષાબંધન પર્વ ઉજવ્યું હતું.



બીએસએફના કમાન્ડરે આવકાર આપતા જણાવ્યું કે તેમના ઘરથી દૂર સરહદ પર ફરજ બજાવતા હોવાથી તેમની બહેનો પાસે જઇ નથી શકતા ત્યારે જેજેસી ભુજની આ બહેનોએ અમને અમારા પરિવારજનોને મળ્યા હોય એવી અનુભૂતી કરાવી દીધી છે તે બદલ તેમનો ખૂબ ખૂબ આભાર....

# જેજેસી અમલનેર





જેજેસી અમલનેર દ્વારા અહીં સ્થિત શ્રી શિતલનાથ દેરાસર પાસેના ચોકને ભગવાન શ્રી શિતલનાથ ચોક નામ આપવામાં આવ્યું...

આ ચોકના નામનું સ્ટેચ્યુ ૧૪ રાજલોકના આકારમાં પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે. આ નામકરણનો પ્રોજેક્ટ જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ તથા જેજેસી અમલનેરની પ્રેરણાથી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ટ્રસ્ટના કાયમી ટ્રસ્ટી શ્રી જિતેન્દ્ર કોઠારી સાથે જેજેસી અમલનેરના કાર્યકારીણી સભ્યો- અધ્યક્ષ શ્રી સંજયભાઇ શાહ, ભૂ.પૂ. અધ્યક્ષ શ્રી હિતેશભાઇ ખંધાર, સેક્રેટરી શ્રી વિક્રમભાઇ શાહ તેમજ કારોબારી સદસ્ય શ્રી યશ હળવદિયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ સ્થળે મહારાષ્ટ્ર સરકાર દ્વારા સૌરઉર્જાથી પ્રજ્વલિત થતી હાય માસ્ટ લેમ્પ પોસ્ટની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

આ પ્રસંગે જેજેસી અમલનેરના કાર્યકારીણીના સભ્યો સાથે જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટના કાયમી ટ્રસ્ટી શ્રી જિતુભાઇ કોઠારી સાથે મીટીંગ યઇ અને તેમનું માર્ગદર્શન મેળવ્યું.

# આજના કનેક્ટીવીટીના યુગમાં સાચું કનેક્શન સમજીએ



આજનો યુગ કનેક્ટીવીટીનો યુગ છે. ફોન કરવા માટે નેટવર્ક કનેક્શન, કોઇ વસ્તુ ગુગલ કરવા માટે ઇન્ટરનેટ કનેક્શન, કોઇ ફાઇલ કે ફોટોના આદાન પ્રદાન માટે બ્લુ ટુથ કે વાઇ-ફાઇ કનેક્શન, રસોઇ બનાવવા માટે ગેસ કનેક્શન, પંખો ટ્યુબલાઇટ, ટીવી, એસી, મોટર વગેરે ચાલુ કરવા માટે ઇલેક્ટ્રીક કનેક્શન, પોતાની પત્ની, સંતાનો, માતા-પિતા સાથે હેત-પ્રેમનું કનેક્શન, વ્યક્તિ સાથે સારા સંબંધો કેળવવા માટે લાગણીનું કનેક્શન...

આવા તો કેટકેટલા કનેક્શનોથી આ દુનિયાથી લઇને આપણું વ્યક્તિગત, કૌટુમ્બિક જીવન ચાલે છે. પપરંતુ આમાંના એક પણ કનેક્શન કાયમી નથી. સમય, સંજોગો અને સ્વભાવોને કારણે આ કનેક્શનોમાં ખામી આવે છે. ઘણી વખત આ કનેક્શન ધીમું પડી જાય છે અચવા તો ઘણી વખત સાવ તૂટી જાય છે, પછી તે આપણા મોબાઇલનું કનેક્શન હોય કે આપણા કુટુંબીઓ, પત્ની, સંતાનો સાથેનું કનેક્શન. આવામાં આપણી સાથે એક કનેક્શન એવું છે કે જે ૨૪ કલાક ને ૩૬૫ દિવસ હંમેશા ચાલુ જ હોય છે. આ કનેક્શન ક્યારેય ધીમું પડતું નથી કે ક્યારેય તૂટતું નથી. હંમેશા મજબૂત અને પાવરફુલ રહે છે. આ કનેક્શન છે આપણું ભગવાન સાથેનું કનેક્શન.

સ્વાર્થસભર આ સંસારમાં પોતાના જીવનમાં આવતી કઠિન પરિસ્થિતિઓમાં જ્યારે વ્યક્તિ પોતાને એકલો અટૂલો જુએ છે. ત્યારે તે હતાશ નિરાશ થઇ જાય છે. જેને પોતાની દુનિયા માની હતી તેવું કોઇ તે સમયે હાથ પકડી તેને આશ્વાસન આપવા માટે નથી હોતું. જ્યારે વ્યક્તિએ પોતેજ બનાવેલા લૌકિક કનેક્શન તૂટતા જાય છે ત્યારે ભગવાન સાથેનું કનેક્શન જ તેને નવું જીવન આપે છે. મુશ્કેલીમાં ભગવાનને ફોન જોડી દઇએ, સાચા હૃદયથી ભગવાનને પ્રાર્થના કરીએ તો જીવનના અંધકારમાં પ્રકાશનો પૂંજ બનીને ભગવાન આપણી સાથે ઉભા રહે છે.

કથાકારો કહે છે કે દ્રૌપદીએ ભગવાનને કહ્યું, પાંડવવધૂની લાજ લૂટાંતી હતી ત્યારે તમે ક્યાં ગયા હતા ? આટલું મોડું કેમ કર્યુ ? ત્યારે ભગવાને કહ્યું મોડું તો તે કર્યુ, હું તો ક્યારનોય સાડી લઇને તૈયાર જ ઉભો હતો. પરંતુ તે વડીલો, પતિઓ અને તારા પોતાના પુરુષાર્થનું બળ એમ બધા આશરા લીધા પણ કામ ન લાગ્યા ત્યારે તે મને યાદ કર્યો. જેમ વાદળ કાયમ આપણને સૂર્યના તાપથી રક્ષણ ન આપી શકે તેમ લૌકિક કોઇપણ આશરા, કનેક્શન આપણને કાયમ કામમાં આવતા નથી. કેવળ એકજ કાયમી કનેક્શન છે ભગવાનને પ્રાર્થના.

જૈન સમાજના હોનહાર વિદ્યાર્થીઓએ જૈનોની અન્ય સંસ્થાઓમાં પ્રતત્નો કર્યા જ હોય છે પરંતુ જૈન જાગૃતિ સેન્ટર સેન્ટલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટના હાયર એજ્યુકેશન આસિસટન્ટ પ્રોગ્રામ અંતર્ગત તેમને જોઇતી સહાય ચોક્કસ અપાય છે જેની સાક્ષી પરદેશમાં ભણી ચૂકેલા કે અત્યારે ભણી રહ્યા છે તે જ આપી રહ્યા છે. આ દરેક વિથાર્થીઓની સફળતામાં ક્યાંકને ક્યાંક કોઇક કઠિન પરિસ્થિતિઓ આવી છે અને આવે પણ છે પરંતુ દરેક વિદ્યાર્થીઓની આવી જ બધી પરિસ્થિતિઓમાં જૈન જાગૃતિ સેન્ટર સેન્ટલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ હર હંમેશ તેમની સાથે રહ્યું છે. અને દરેકને કહે છે કે વિપત્તિ આવે ત્યારે ધીરજ રાખવી, પ્રાર્થનાની સાથોસાથ ભગવાનમાં અને આપણી સંસ્થાની વ્યવસ્થાઓ ઉપર દ્રઢ વિશ્વાસ રાખવો આવા કાયમી કનેક્શનથીજ ભવિષ્યના સુખમય જીવન વીતાવે.

એટલેજ અત્યારના સંજોગોમાં જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દરેક વિદ્યાર્થીઓ જેઓ હાયર એજ્યુકકેશન મેળવવા માટે પ્રયત્નશીલ હોય છે તેમની સાથે અડીખમ ઉભેલું જ છે.



# ૨૮ મો સમૂહ લગ્નોત્સવ

**સંવત ૨૦૮૦ માગશર સુદ ૬ શનિવાર તા. ૭.૧૨.૨૦૨૪**




## દાતાશ્રીઓ અને લગ્નગ્રંથીથી જોડાયેલ નવદંપતિઓ...




પ્રેરક દાતાશ્રીઓ
માતુશ્રી લતાબેન વસંતરાય કામદાર
માતુશ્રી અનિલાબેન રાજમલજી હિરાણી
(Member : JJC Borivali)

સજાવટના દાતાશ્રીઓ
માતુશ્રી મંજુલાબેન મણીકાંત કોઠારી
માતુશ્રી રીનાબેન જયેન્દ્રભાઇ કોઠારી
(Member : JJC Borivali)

ભોજનના દાતાશ્રીઓ
માતુશ્રી તારાબેન ચુનીલાલ મોદી
(બાદશાહ પરિવાર, વિસાવદરવાળા)
(Member : JJC Borivali & Kandivali)

કરિયાવરના દાતાશ્રીઓ
માતુશ્રી ડૉ. આશાબેન સુરેશચંદ્ર દેસાઇ
શ્રીમતી ભાવીશાબેન પિનાકીનભાઇ શાહ
(Member : JJC Borivali)

શેરવાનીના દાતાશ્રી K.P. FASHION વાળા શ્રી પ્રભુદાસભાઇ વૃજલાલ રૂપારેલીઆ

અતિથી વિશેષશ્રીઓ
શ્રી ગુણવંતભાઇ મગનલાલ શાહ
(Donor : JJC Sion-Matunga)
માતુશ્રી પ્રભાબેન પ્રતાપરાય મહેતા
(Member : JJC Borivali)
શ્રીમતી ઇલાબેન જયસુખ બોટાદરા
(Member : JJC Borivali)
શ્રીમતી સેજલ વિરાજ બોટાદરા
(Member : JJC Borivali)
શ્રી ભરતભાઇ પરસોત્તમભાઇ થલેશ્વર
(Member : JJC Borivali)
શ્રીમતી નૂતનબેન શ્રેયસભાઇ કોઠારી
(Member : JJC Borivali)



# ૨૮ મા સમૂહલગ્નના દાતાશ્રીઓનું સન્માન બહુમાન...



સમૂહલગ્નમાં પધારેલ દરેકને આવકાર આપતાં
જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન અને કાયમી ટ્રસ્ટી
શ્રી સંજયભાઇ બી. શાહ



જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટની વિવિધ
પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી રહેલા
આઇ.પી. ચેરમેન અને કાયમી ટ્રસ્ટી શ્રી જીતુભાઇ કોઠારી



દાતાઓનું સન્માન કરતાં શ્રી સંજયભાઇ બી. શાહ -ચેરમેન અને કાયમી ટ્રસ્ટી



દાતાઓનું સન્માન કરતાં શ્રી જીતુભાઇ કોઠારી -આઇ.પી. ચેરમેન અને કાયમી ટ્રસ્ટી



દાતાઓનું સન્માન કરતાં રાજેશભાઇ ગાંધી -વાઇસ ચેરમેન -કાયમી ટ્રસ્ટી



દાતાઓનું સન્માન કરતાં શ્રી અમિતભાઇ કોઠારી -સેક્રેટરી -હોલ્ડીગ ટ્રસ્ટી



દાતાઓનું સન્માન કરતાં અનિલભાઇ દોશી -સેક્રેટરી -હોલ્ડીગ ટ્રસ્ટી



દાતાઓનું સન્માન કરતાં રાજેશભાઇ ભણશાલી -ખજાનચી -હોલ્ડીગ ટ્રસ્ટી



દાતાઓનું સન્માન કરતાં શ્રી કિર્તીભાઇ શાહ -હોલ્ડીગ ટ્રસ્ટી



દાતાઓનું સન્માન કરતાં શ્રી હર્ષદભાઇ ગાંધી -કાયમી ટ્રસ્ટી



દાતાઓનું સન્માન કરતાં શ્રી નિતીનભાઇ પારેખ -એક્ઝીક્યુટીવ ટ્રસ્ટી



દાતાઓનું સન્માન કરતાં શ્રી મુકેશભાઇ શાહ -એક્ઝીક્યુટીવ ટ્રસ્ટી

## ૨૮ મા સમૂહલગ્નોત્સવના સહયોગી સેન્ટર્સ

જેજેસી બોરીવલી
જેજેસી જુહુબીચ
જેજેસી કાંદિવલી
જેજેસી સાયન-માટુંગા
જેજેસી મલાડ
જેજેસી રજવાડી
જેજેસી લેડીઝ વીંગ બોરીવલી
જેજેસી વાશી
જેજેસી મીરા-ભાયંદર
જેજેસી મુંબઇ
જેજેસી પનવેલ
જેજેસી શિવાજીપાર્ક
જેજેસી વિલેપાર્લા
જેજેસી વસઇ
જેજેસી ભાવનગર
જેજેસી ભુજ
જેજેસી ચેન્નાઇ
જેજેસી લેડીઝ વીંગ જુનાગઢ
જેજેસી વેરાવળ
જેજેસી માંડવી
જેજેસી નંદુરબાર
જેજેસી સેટેલાઇટ
જેજેસી અમલનેર
જેજેસી ધોરાજી
જેજેસી મહુવા
જેજેસી ઉપલેટા

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દિવાળી ગેટ ટુ ગેધર

જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દિવાળી ગેટ-ટુ-ગેધર શનિવાર તા. ૨૬.૧૦.૨૦૨૪ના રોજ સાંજે ૭.૦૦ કલાકેથી જુહૂ જીમખાના કલબ ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો.

આ દિવાળી ગેટ-ટુ-ગેધરના કાર્યક્રમમાં મુંબઇના જૈન જાગૃતિ સેન્ટરના કાર્યવાહક સમિતીના સભ્યો તો હાજર રહ્યા જ હતા પરંતુ સાથે સાથે જયપુર-અમલનેર અને અન્ય મુંબઇ બહારના જેજેસી સેન્ટરોના સભ્યો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

દિવાળી ગેટ-ટુ-ગેધરના કાર્યક્રમમાં સોલો મ્યુઝિક પ્રેઝન્ટેશન રાખવામાં આવેલ જેને અહીં આવેલ સૌ સભ્યોએ ખૂબ આનંદ સાથે માણ્યું હતું. સમયાનુસાર સ્ટેજ કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. અન્ય સેન્ટરના સભ્યોને પણ તેમના વિચારો- વક્તવ્ય આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જેના અનુસંધાનમાં જયપુર જેજેસી સેન્ટરના અને જેજેસી અમલનેરના સભ્યોએ ખૂબ સારી અને મહત્વપૂર્ણ વાતો કરી હતી જેને હાજર રહેલા દરેક સભ્યોએ ઉમળકાભેર વધાવી લીધી હતી તે સાથે મંચ પર બિરાજિત જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટના હોદ્દેદારોએ પણ તેને સમર્થન આપ્યુ હતું.


ત્યારબાદ સ્વાદિષ્ટ ડિનરને ન્યાય આપીને દરેક સભ્યોએ એકબીજાને શુભેચ્છા આપીને વિદાય લઇ રહ્યા હતા ત્યારે વર્ષ ૨૦૨૫માં એક શાનદાર ભવ્યાતિભવ્ય ઉજવણીના કાર્યક્રમ માટે તૈયાર રહેવા જણાવેલ...





# શ્રી મહેન્દ્રભાઇ દીપચંદભાઇ તુરખીયા

## મુંબઇ ઝાલાવાડ સમાજના એક અનન્ય પ્રતિભાશાળી ઉદાર દિલ દાતા



ઝાલાવાડના સુરેન્દ્રનગરમાં માતુશ્રી ચંપાબેન ડુંગરશી તુરખીયાની કમલકુક્ષીએ શ્રી મહેન્દ્રભાઇનો જન્મ થયો. ચાર ભાઇઓ અને બે બહેનોના બહોળા પરિવારમાં તેઓશ્રી ભાઇઓમાં સૌથી નાના ભાઇ છે. અભ્યાસમાં હંમેશા હોંશિયાર એવા શ્રી મહેન્દ્રભાઇનું બાળપણ અને પ્રાથમિક શિક્ષણ સુરેન્દ્રનગરની એન.ટી.એમ. હાઇસ્કૂલમાં થયું... ત્યારબાદ તેઓશ્રી મુંબઇ આવીને અમુલખ અમીચંદ સ્કૂલમાંથી એસ.એસ.સી. પાસ કર્યુ અને ત્યારબાદ સી.એ. અને ગવર્નમેન્ટ કોલેજમાંથી ટ્રેડમાર્કસ ઇન પેટન્ટસ અને ટ્રસ્ટના વિષયોથી એલ.એલ.બી. નો અભ્યાસ કરેલ. સરળ અને સહજ વ્યક્તિત્વ ધરાવતાં શ્રી મહેન્દ્રભાઇએ ઉચ્ચ શિક્ષણ સાથે પોતાની કાબેલિયતથી સફળતા મેળવી સંપત્તિ-સમૃદ્ધિને વર્યા છે. સમાજના સાચા અર્થમાં એક હિતચિંતક બનીને પોતાની સ્વપાર્જિત સંપત્તિનો સદ્‌ઉપયોગ કરી સત્કાર્યોમાં સતત દાનની ગંગાને વહેતી રાખતા રહ્યા છે, મુંબઇના ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સમાજના આ દાનવીરની સમાજ પ્રત્યે હંમેશા ઉમદા ઉદાત્ત ભાવનાઓ રહી છે.

સુરેન્દ્રનગરથી ખાલી હાથે મુંબઇ આવીને તેઓએ ફક્ત રૂા.૧૧૦૦/-માં તેમની પ્રથમ નોકરીની શરૂઆત કરી હતી. શરૂઆતમાં પોતાના આર્થિક સંજાગો એટલા સારા ન હોવા છતાં તેઓ જે પણ કંપનીઓમાં કામ કરતા હતા ત્યારે તે કંપનીના સ્ટાફ અને બોસને કોઇપણ ચાર્જ લીધા વગર ટેક્સ ગાઇડલાઇન આપવા સાથે ટેક્ષ રિટર્ન મફતમાં ફાઇલ કરી આપતા હતા. કારકીર્દીની શરૂઆતમાં શ્રી મહેન્દ્રભાઇએ જી. બાસુ એન્ડ કંપનીમાં આર્ટિકલશીપ કરેલ. જ્યાં તેઓની કાબેલિયતને પારખીને કંપનીએ તેમને મુંબઇ ઓફિસ માટે પાર્ટનરશીપ ઓફર કરેલ હતી. પણ પોતાના કેરિયરની શરૂઆત છતાં શ્રી મહેન્દ્રભાઇએ પોતાની દીર્ઘદ્રષ્ટિથી આ ઓફરને રિજેક્ટ કરી હતી. બે ત્રણ જોબ કર્યા બાદ તેઓએ પોતાની પ્રેક્ટીસ શરૂ કરેલ.

શ્રી મહેન્દ્રભાઇ તુરખીયા ઝાલાવાડી સ્થા. જૈન સભા મુંબઇમાં ઝાલાવાડ ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઇમાં ટ્રસ્ટી તરીકે, ઝાલાવાડી એકતાની સદ્‌ભાવના સ્વરૂપ ઝાલાવાડ સમાજના ઉત્કર્ષ અને સંગઠન અર્થે આગેકૂચ કરતી મુંબઇ સ્થિત આગવી સંસ્થા "ઝાલાવાડ સમાજ ભારત (ઇન્ડીયા)"માં ચેરમેન તરીકે સેવા આપી રહ્યા છે.

ભારતીય જૈન સંગઠન (પુના) ના તેઓશ્રી ડાયરેક્ટર છે. વીર જનશક્તિ પાર્ટી (વીજેપી) ના તેઓ રાષ્ટ્રીય કાર્યકારીણી સદસ્ય છે.

શ્રી ઝાલાવાડી જૈન સભાની કાલબાદેવી સ્થિત બે-વ્યુ બિલ્ડીંગમાં ત્રીજા માળે આવેલી ઝાલાવાડી સભાની નવી ઓફિસ શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઇ તુરખીયાના નામથી રૂા.૧ કરોડની માતબર રકમનું યોગદાન પણ આપેલ છે. તેમાં ઝાલાવાડી સ્થા. જૈન સભાની મેડિક્લેઇમ પોલિસી સ્કીમમાં શ્રી મહેન્દ્રભાઇએ રૂપિયા ૧ કરોડનું અનુદાન આપેલ છે. આ ઉપરાંત ઝાલાવાડી સ્યા. જૈન સભાની કન્યા કેળવણી ઉત્કર્ષ યોજનામાં પણ તેમનો અનેરો સહયોગ મળી રહ્યો છે. જરૂરતમંદ પરિવારોની દિકરીઓને તેમના શૈક્ષણિક વિકાસ માટે અને તેમની કારકીર્દીના ઉચ્ચ ઘડતર માટે તેઓશ્રી સમાજની દિકરીઓને તેમનો ઉત્કૃષ્ટ સહયોગ અને પ્રોત્સાહન આપી રહ્યા છે.

ઈસ્કોનની સંસ્થા દ્વારા સંચાલિત અન્ય એક અનોખી યોજના કે જેમાં એક લાખ બાળકોને રોજ ભોજન આપવા માટેની લગભગ રૂપિયા ૩૪૨ કરોડની યોજનાના પ્રોજેક્ટમાં અંદાજે ૨૭૦ કરોડ રૂપિયા એકત્રિત થયા છે. આ યોજનામાં શ્રી મહેન્દ્રભાઇનું મહત્વનું યોગદાન રહેલ છે.

તેમના ધર્મપત્ની શ્રીમતી પ્રિયાબેન એક એડ્‌વોકેટ તરીકે તેમનો વ્યવસાય કરી રહ્યા છે. તેમના પતિના સમાજસેવાના કાર્ય સાથે કદમથી કદમ મિલાવતા તેઓ પણ વ્યવસાયની સાથે સાથે સામાજિક સેવાના કાર્ય રૂપે શ્રીમતી પ્રિયાબેન બૃહદ્ મહિલા મંડળ માટે એકટિવ રહ્યા છે. દરેક મહિલા મંડળમાં તેમનું વિશેષ યોગદાન રહ્યું છે. શ્રી મહેન્દ્રભાઇ અને શ્રીમતી પ્રિયાબેન એક વેલ એજ્યુકેટેડ દંપતિનું જીવન એક શૈક્ષણિક મૂલ્યો સાથેની સુસંગતતા-સંસ્કારીતાથી મહેંકતું મધુર જીવન રહ્યું છે.

શ્રી મહેન્દ્રભાઇના પોતાના અંગત મંતવ્ય પ્રમાણે તેઓ કહેતા રહેતા હોય છે કે સમાજ માટે મેં જે કાંઇ કર્યુ તે તો નહિં જ માત્ર છે આપણો સમાજ છેલ્લા ઘણા વર્ષોથી સમાજ માટે અનેક પ્રકારના સેવા કાર્યો કરતોજ રહ્યો છે. તેની સામે મેં તો કાંઇજ નહી કર્યા બરાબર છે. આપણા સમાજના જૈનો માટે ઝાલાવાડની પોતાની સ્કૂલ અને કોલેજ હોવી જોઇએ અને તેને માટે આપણે સૌએ પ્રયત્નો કરતા જ રહેવા જોઇએ એમ તેમનું કહેવું છે....

શ્રી મહેન્દ્રભાઇ તુરખીયા પોતાના વિચારોથી, તન-મન-ધનથી તથા પોતાના સ્વપાર્જિત સંપત્તિના યોગદાનથી સદ્‌ભાવનાઓથી સમાજ સાથે હંમેશા જોડાયેલા રહીને અત્યંત ઉત્કૃષ્ટ સહયોગ આપતા રહ્યા છે. સમાજ સુશિક્ષિત રહે સમાજની બહેનો દિકરીઓ વંચિત ન રહે અને જરૂરતમંદ પરિવારોને મદદરૂપ બનવું એજ શ્રી મહેન્દ્રભાઇ તુરખીયાના જીવનની પ્રાથમિકતા રહી છે. જૈન સમાજ પ્રત્યેની ઉદાત્ત ભાવનાની આગવી પહેલનું એક શ્રેષ્ઠ ઉદાહરણ સમાન છે. જે આપણા જૈન સમાજ માટે ગૌરવ સમાન છે.

શ્રી મહેન્દ્રભાઇ તુરખીયા સહપરિવાર સદા સ્વસ્થાયુ અને દીર્ઘાયુ બને તથા તન-મન-ધનથી સમાજના ઉત્કર્ષ માટે વિકાસના કાર્યોમાં હંમેશા અગ્રેસર રહી સહયોગી બની રહે તેવી જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ તેઓને ખરા અંતરથી પ્રાર્થના કરે છે. ■■■

# શ્રી પરાગભાઇ કિશોરચંદ્ર શાહ ને

## ઘાટકોપર પૂર્વ વિધાનસભા સીટ પરથી બીજીવાર અભૂતપૂર્વ શાનદાર વિજય મેળવવા બદલ અનેકાનેક અભિનંદન સહ શુભેચ્છા....

જેજેસી નોર્થ વેસ્ટના ભૂતપૂર્વ પ્રમુખ અને મુંબઇ સ્થિત વઢવાણના અણમોલ રત્ન સમા શ્રી પરાગભાઇ કિશોરચંદ્ર શાહનું એક ઉમદા અને પ્રતિભાશાળી વ્યક્તિત્વ રહ્યું છે. તેઓ ઉચ્ચ કોટીની સફળ રાજકીય કારકીર્દી ધરાવતાં સેવા સદ્‌ભાવના અને સત્કાર્યોથી ઉભરાતા ઉદારદિલ દાતા અને સાચા લાકસેવક રહ્યા છે. આથી તેઓ ખૂબજ લોકચાહના પામ્યા છે. એક બાહોશ સફળ બિઝનેસમેન સાથે રાજકીય ક્ષેત્રમાં વિધાનસભ્ય તરીકે સતત બે ટર્મથી ચૂંટાઇ આવીને લોકોના હૃદયમાં અમાપ સ્નેહ સાથે હૃદયસ્થ થયા છે. આમ સમાજમાં તેઓનું એક આગવું સ્થાન રહ્યું છે.



લોકોના દુ:ખદર્દને સારી રીતે સમજનારા અને તેઓના હમદર્દ બની મદદરૂપ બનતા એક લોકસેવક શ્રી પરાગભાઇ ઘાટકોપરની જનતાના લોકલાડીલા નેતા રહ્યા છે. સેવાકાર્યોને આગળ વધારવાની શુભભાવનાએ તેઓ રાજકારણમાં પ્રવેશવા સાથે ભાજપમાં જોડાયા. ૨૦૧૭માં ઘાટકોપરમાં નગરસેવક તરીકે ચૂંટાઇ આવેલ. ૨૦૧૯માં શ્રી પરાગભાઇ ઘાટકોપર પૂર્વની વિધાનસભાની ચૂંટણીમાં જંગી બહુમતિથી જીત્યા હતા. આ વખતે ૨૦૨૪માં મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ફરીથી ઘાટકોપર પૂર્વની સીટ પરથી શાનદાર વિજય સાથે બીજી વખત ચૂંટાઇ આવ્યા છે. આ વિજય તેમના સેવાકીય કાર્યો તથા વિકાસરૂપ કાર્યોનો વિજય છે. આ વિજય લોકોનો તેમના પ્રત્યેના અતૂટ વિશ્વાસનો વિજય છેએમ તેઓ જણાવે છે.

તેમના પિતાશ્રી કિશોરચંદ્ર શાહ અને ધર્મવત્સલ માતા ઇન્દીરાબેન (સંયમજીવન નામ સાધ્વીરત્ન પૂજ્યશ્રી આરાધ્યાજી મ. સા.) ના પુત્ર શ્રી પરાગભાઇએ ઉત્કૃષ્ટ સેવા કાર્યો કરવા સાથે પરિવારનું નામ રોશન કરેલ છે.

શ્રી પરાગભાઇએ તેમના પૂ. પિતાશ્રી કિશોરભાઇના કન્સ્ટ્રક્શનના બિઝનેસથી પોતાના કેરિયરની શરૂઆત કરી માન ઇન્ફ્રાસ્ટ્રક્ચર નામની કંપની શરૂ કરી, જેમાં તેઓએ કંપનીના મેનેજીંગ ડિરેક્ટર તરીકે રહીને વિકાસની કેડી કંડારી પ્રગતિના સોપાન સર કરેલ છે. તેમના બિલ્ડીંગના પ્રોજેક્ટો તેમની વિશ્વસનિયતા-ગુડવીલને કારણે લોકોની પ્રથમ પસંદગી પામેછે. ઘાટકોપર માં તેઓના સેવાકીય પ્રોજેક્ટો પૈકી ઉત્કૃષ્ટ ડાયાલિસીસ સેન્ટર, સિનિયર સિટિઝન્સ માટે ડે-કેર સેન્ટર, નાના બાળકો માટે ડે-કેર સેન્ટર, વાંચનાલય વગેરે સારી રીતે કાર્યરત રહ્યા છે.

મુંબઇ સ્થિત અતિ જરૂરતમંદ પરિવારોને દર મહિને સહાય કરવામાં તેઓનો ઉમદા સહયોગ રહ્યો છે. ઉત્તમ સેવાભાવ, સજ્જનતા, ઉદારતા, નિખાલસતાભરી સહજતા... શ્રી પરાગભાઇના વ્યક્તિત્વનું જમા પાસુ રહેલ છે. પ.પૂ. નમ્ર મુનિ મ.સા. પ્રત્યે ઉત્કૃષ્ટ આદરભાવભર્યો ભક્તિભાવ ધરાવતા તેઓ તેમના અનન્ય ભક્ત છે. ગુરૂદેવનો પડયો બોલ ઝીલવા સાથેની તેઓની ગુરૂભક્તિ અદ્‌ભૂત રહી છે. સાથે-સાથે સાધુ-સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચ કરવા માટે પણ હંમેશા તૈયાર રહેતા હોય છે.

પરોપકારી જીવદયા પ્રેમી શ્રી પરાગભાઇ અબોલ જીવોની સાર-સંભાળ રાખવા સાથે ગૌશાળા, પાંજરાપોળમાં નાણાકીય સહાય આપવા સાથે ઘાસચારો તેમજ દવાઓ પણ પહોંચાડવા પ્રયત્નશીલ રહેતા હોય છે. જીવદયાના કાર્યો કરતી સંસ્થાઓને તેઓ મદદરૂપ બની ઉમદા યોગદાન પણ આપતા રહ્યા છે.

શ્રી પરાગભાઇ એક સંન્નિષ્ઠ રાજકારણીથી વિશેષ એક સદાચારી સમાજ સેવક રહ્યા છે. પુલવામામાં જ્યારે લશ્કર પર આતંકવાદીઓએ હુમલો કરેલ ત્યારે આર્મી વેલફેર એસોશિએશનમાં રૂપિયા ૪૦ લાખનું ફાળો જમા કરાવેલ હતો. જેમાં પોતાના બીજા ૪૦ લાખ ઉમેરીને ૮૦ લાખની મોટી રકમ દેશના જવાનો માટે આપી હતી. પોતાના મતવિસ્તારની સમસ્યાઓ સરળતાથી પોતાના સુધી પહોંચી શકે તે માટે તેમના મત વિસ્તારમાં તેઓએ એક વ્હોટ્સએપ ગ્રુપ બનાવેલ છે.

શ્રી પરાગભાઇનું જીવન સેવા, સત્કાર્યો અને સદ્‌ભાવનાઓથી મહેકતું રહે. તેઓ તથા તેમનો પરિવાર હંમેશા સ્વસ્થ અને દીર્ઘાયુ રહે અને તે સાથે સમાજસેવાના ઉત્તમ કાર્યો, રાજ્ય અને રાષ્ટ્રના વિકાસમાં તેમનું વિશેષ યોગદાન રહે તેવી અંતરમનની શુભેચ્છા સહ જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટની અનેકાનેક શુભકામનાઓ.... ■■■

**પરમ સેવાભાવી, ઉદારદિલ, દાનવીર એવા ઘાટકોપરના લોકલાડીલા નેતા આપણી જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટની પ્રવૃત્તિઓ કે સામાજિક ક્ષેત્ર હોય, ધાર્મિક ક્ષેત્ર હોય કે રાજકીય ક્ષેત્ર હોય દરેક જગ્યાએ શ્રી પરાગભાઇ શાહ તન-મન-ધનથી સદા અગ્રેસર રહેતા હોય છે.**

# Congratulations

to

# RAJESH GANDHI

Chairman

of

## Smt. Kantaben Chandulal Gandhi English School




*With Best Wishes from :*

## Jain Jagruti Center Central Board Charitable Trust

**Sanjay B. Shah**
(Chairman & Permanent Trustee)

**Jitendra S. Kothai**
(I.P. Chairman & Permanent Trustee)

**Praful J. Kamdar**
(Vice Chairman & Permanent Trustee)

**Rajesh C. Gangdhi**
(Vice Chairman & Permanent Trustee)

**Amit D. Kothari**
(Secretary & Holding Trustee)

**Anil G. Doshi**
(Secretary & Permanent Trustee)

**Rajesh J. Bhanshali**
(Treasurer & Permanent Trustee)

**Harshad J. Gandhi**
(Permanent Trustee)

**Kirti K. Shah**
(Holding Trustee)

**Rashmikant J. Shah**
(Holding Trustee)

**Minesh D. Shah**
(Executive Trustee)

**Mukesh C. Shah**
(Executive Trustee)

**Nittin R. Parekh**
(Executive Trustee)

**Kamlesh C. Shah**
(Donor Trustee)

**Pravin G. Shah**
(Donor Trustee)

**Nilesh K. Shah**
(Donor Trustee)